

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વ્યક્તિગત વેરથી ચારિત્ર્ય ચગાવે છે,*
*ધર્મને ગોત્રના ખોટા વિવાદ જગાવે છે.*
*ફગાવે શ્રદ્ધા-વિશ્વાસ, વિકાસની વાતનો -*
*ખૂદના ચિંથરે લંકામાં આગ લગાવે છે*

### હાઈકુ

*નિમ્ન સંસ્કારે,*
*વટાવે સૌ મર્યાદા -*
*ઉચ્ચ સ્તરની...*

*મુદ્દો અહં નો*
*ચૂંથાય ચૂંટણીમાં -*
*રામ-મંદિર...*

### ચિંતન

*વિષયાણામાનુકૂલ્યે સુખી દુઃખી વિપર્યયે ।*
*સુખં દુખં ચ તદ્ધર્મઃ સદાનન્દસ્ય નાત્મનઃ ॥*

**ઉપરોક્ત શ્લોક 'સર્વ વેદાંત-સિદ્ધાંત' સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.**

**આ અહંકાર વિષયો અનુકૂળ થાય ત્યારે પોતાને સુખી અને પ્રતિકૂળ થાય ત્યારે દુઃખી થાય છે. સુખ અને દુઃખ તે અહંકારના ધર્મ છે, સદા આનંદસ્વરુપ આત્માના નહિ.**

**આપણે મનના અહંકારથી સુખ અને દુઃખ પ્રાપ્ત કરીએ છીએ 'મેં કર્યું' હું કરું છું નો ભાવ ક્યારેક સફળતા અપાવે ત્યારે સુખ આપે નિષ્ફળતા આપે ત્યારે દુઃખ થાય પરંતુ હું નહીં 'ઈશ્વર કરે છે'ના ભાવથી પ્રવૃત્ત રહેવાના ભાવથી સુખ-દુઃખ થતાં નથી.**

### સુવિચાર

- ભૂખ ભૂંડી છે, માનવ ભૂંડો નથી - **મનુભાઈ પંચોળી**
- ધનવાનને સરકારનો ભય છે, કુળવાનને લાંછનનો ભય છે - **અમૃતબિંદુ**
- નૈતિકતા ન હોય તો ભૌતિક સમૃદ્ધિનો કાંઈ અર્થ નથી - **શિવખેરા**
- મોહનીય કર્મનો ઉદય થાય છે ત્યારે ભયનો ઉદય થાય છે - **આસામી કહેવત**
- સત્ય અને પ્રેમમાં આંતરિક રૂપાંતર એટલે ઈશ્વરનું રાજય- **બોધિવૃક્ષ**
- શાસ્ત્રજ્ઞાનથી સમ્યક્ દર્શન થાય નહીં, અનુભવ જ્ઞાનથી સમ્યક્ દર્શન થાય - **ડો. નીરુબહેન અમીન**
- આજનું ઔષધ : બાવળના પાનને વાટી તેની પેસ્ટ ઘા ઉપર બાંધવાથી રૂઝ જલ્દી આવે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કમાણીના અવસર કરતાં માનવતા દેખાડવાની તક ઘણી મહામૂલી હોય છે ફ્રાન્સનો એક બહાદુર સિપાઈ મારીયો શોન રણભૂમિમાંથી પોતાના વતનમાં પાછો ફર્યો તો ત્યાંની હાલત જોઈને તે પરેશાન થઈ ગયો. તેની આસપાસના પચાસેક ગામડામાં ઘઉંનો પાક ખરાબ થઈ ગયો હતો. બાળકો અને વૃદ્ધો ભૂખ્યા તરફડતા હતા. આ કુદરતી આફતમાં શું કરવું તે મારીયો ને સમજાતું ન હતું. પોતાના ઘરમાં જોયું તો તેમના ગોદામો ઘઉંથી ભરેલાં હતા. એને ખ્યાલ આવ્યો કે તેના પરિવારે છેલ્લા કેટલાક વર્ષથી રાતદિવસ મહેનત કરી ઘઉં સંગ્રહ કરી રાખ્યા હતા. ગામના મુખીને આ ખબર પડી એટલે તે મારીયો પાસે આવ્યો અને કહ્યું, 'તમારી પાસે ઘઉંનો પુષ્કળ જથ્થો છે. આ એક અવસર છે કે તમે તમારા સંગ્રહેલા ઘઉં ભૂખે મરતાં લોકોને ઊંચા ભાવ લઈને વેચવા લાગો. અને ખૂબ નફો કમાઈ લો.' મારીયો બોલ્યો, 'તમને આ શોભતું નથી, લોકોની મજબૂરીનો હું લાભ ઉઠાવું અને નફો કમાઉં એનાથી શરમજનક બીજી કોઈ વાત ન હોઈ શકે. આ સમય ઘઉં વેચવાનો નહીં, આ સમય તો ઘઉં વહેંચવાનો છે, જેથી આ આફાત સામે સહજતાથી લડી શકાય. આવી આપદામાં લોકોને મોતનાં મોંમાં ધકેલીને હું કમાણી કરવાનું પાપ નહીં કરી શકું.' દેશભક્ત અને બહાદુર મારીયોની વાત સાંભળી મુખીનું પણ માથું શરમથી ઝુકી ગયું. તેમણે પોતાનો ગોદામના ઘઉં પર નિઃશુલ્ક વહેંચી દેવાનો નિર્ણય કર્યો. અને આ બંનેએ સાથે રહીને આસપાસના પાંચ ગામ પરની આફતને હળવી કરી દીધી.

# સર્વાંગસંપૂર્ણ ચૂંટણીલક્ષી વચગાળાનું બજેટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે સતત ટ્રબલ શૂટરની ભૂમિકા ભજવતા રહેલા કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી એમની બિમારીનો ઈલાજ કરાવવા અમેરિકા ગયેલ હોઈ મોદી સરકારનું છેલ્લું અને અંતરિમ બજેટ પીયૂષ ગોયેલે રજૂ કર્યું છે. દેખીતી રીતે આ વચગાળાનું બજેટ મોદી સરકારની ઉપલબ્ધિઓનાં ભરપૂર વખાણ સાથે લોકપ્રિય ચૂંટણીવચનો જેવું બની રહ્યું છે. અખિલેશ યાદવ જેવા નેતાઓએ અગાઉથી જ એ જુઠ્ઠાં વચનોનો અંબાર હશે એવાં નિવેદનો કરી દીધાં હતા. જયારે બેરોજગારીનો આંક આસમાને પહોંચી ગયાની કબૂલાત ખુદ સરકારી રિપોર્ટ કરતો હોય ત્યારે રોજગાર આપવાની અને વિકાસની મોટી મોટી આશાઓ બંધાવવાની વાતો વાહિયાત જ લાગે. પરંતુ સરકાર પાસે એવી વાહિયાત રજૂઆતો કરવાનો જન્મસિદ્ધ અધિકાર હોય છે. એમાં પણ હવે જયારે ચાર માસથી પણ ઓછા સમય માટે વર્તમાન સરકાર રહેવાની હોય ત્યારે એની મોટી મોટી જાહેરાતો અને વાયદાઓ પ્રત્યે પ્રજાને કેટલો ભરોસો જાગે એ પણ પ્રશ્ન છે. ચિદમ્બરમે સરકાર દ્વારા વિકાસદરના સુધારેલા આંકડાઓ સંદર્ભે જબરો કટાક્ષ કર્યો છે. નોટબંધીના નાણાંકીય વર્ષ દરમિયાન વિકાસદર સૌથી ઊંચો રહ્યો હોવાના સરકારી દાવાને પડકારતાં કોંગ્રેસના પૂર્વ નાણાંમંત્રી અને વરિષ્ઠ એડવોકેટ ચિદમ્બરમ્ કહે છે કે હવે સો રૂપિયાની નોટ પર બંધી લાવો એટલે વિકાસદર વધશે! સમગ્રપણે લગભગ તમામ ક્ષેત્રે નિષ્ફળતાને વરેલી મોદી સરકારે મતદાતાઓને રીઝવવા માટે આ વચગાળાના બજેટમાં આવકવેરા મુક્તિની મર્યાદા અઢી લાખથી વધારીને સીધી જ પાંચ લાક કરી દીધી છે. એથી મધ્યમ વર્ગને જરૂર

*તંત્રીસ્થાનેથી...*

ફાયદો થયો છે. સાડા છ લાખની ગ્રોસ ઈન્કમ સુધી કોઈ પણ આવકવેરા લાગશે નહીં. એ જ રીતે પંદર હજાર સુધીની આવક ધરાવતા લોકોને મહિને રૂા. ૩૦૦૦નું પેન્શન આપવાની યોજના જો ખરેખર અમલી બનશે તો ઘણો બધો અસંગઠિત વર્ગ વર્તમાન સરકારનાં ગુણગાન ગાતો થઈ જશે. મોદી સરકાર સામે સૌથી મોટો પડકાર દેશના ખેડૂત સમુદાયની નારાજગી દૂર કરવાનો રહ્યા કર્યો છે. ખેડૂતો આત્મહત્યા કરતા રહ્યા છે અને સરકાર ઉદ્યોગપતિઓની જ કાળજી લેતી રહેતી હોવાના આક્ષેપો વિપક્ષના નેતાઓથી લઈ સામાન્ય નાગરિકો કરતા રહ્યા છે. એ મેણું ભાંગવા સરકારે ૨ હેકટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતો માટે વાર્ષિક ૬૦૦૦/- ની પ્રધાનમંત્રી કિસાન સમ્માન યોજના શરૂ કરી છે. આ રકમ ત્રણ સરખા હપ્તામાં ખેડૂતનાં બેંક ખાતામાં સીધેસીધી જમા થશે. વળી આ યોજના ડિસે. ૨૦૧૮થી અમલી બનતી હોઈ એનો પહેલો રૂા. ૨૦૦૦/- નો હપ્તો ચૂંટણી પૂર્વે જ ખેડૂત ખાતેદારને મળી જશે. આ એક પ્રકારની લાંચ કે લાલચ જ કહેવાય, પરંતુ લોકશાહીમાં કલ્યાણ રાજની કલ્પના છે જેમાં વંચિત વર્ગને આર્થિક સહાય કરવી એ સરકારની ફરજ ગણાય છે. અસંગઠિત ક્ષેત્ર માટે રૂા. ૩૦૦૦/- ના પેન્શન સંદર્ભે મમતા બેનરજી કહે છે કે સરકાર હકીકતમાં લોકોને છેતરી રહી છે. આ બજેટમાં સરંક્ષણ માટે સૌથી વધુ રકમ ફાળવાઈ છે. ખેડૂતોને ખુશ રાખવા બાવીસ જેટલા પાકો માટેની લઘુતમ ટેકાની કિંમત નક્કી કરાઈ છે. જે ઉત્પાદન કિંમત કરતાં પચાસ ટકા વધુ છે. વિકાસ યોજનાઓ સંદર્ભે છેલ્લાં પાંસઠ વર્ષો દરમિયાન કોઈ પણ સરકારે કાર્ય કરતાં બલકે તમામ સરકારો દ્વારા થયેલ વિકાસ કાર્યોના સરવાળા કરતાં આ સરકારે વધુ કાર્યો કરી બતાવ્યા હોવાનો દાવો કરાયો છે. બજેટ ખેડૂતો, મધ્યમવર્ગ અને યુવાનોને ધ્યાનમાં રાખીને બનાવાયું છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે એને 'ઐતિહાસિક' બજેટ ગણાવ્યું છે. આરોગ્ય ક્ષેત્રે થયેલ કામગીરીનો ઉલ્લેખ કરતાં વચગાળાના નાણામંત્રી પીયૂષ ગોયેલે 'એમ્સ' હોસ્પિટલોનો ઉલ્લેખ પણ કર્યો. રાજકોટમાં ગુજરાતને ફાળવાયેલ એમ્સ ઈન્સ્ટિટયૂટનું ખાતમુર્હૂત કરવા વડાપ્રધાન પોતે પધારવાના છે. વિકાસ કાર્યોની અહાલેક ઉપરાંત ટેક્સ રાહત અને ખેડૂતોનાં ખાતાંમાં સીધી રકમ જમા કરાવવાના પગલાથી આ બજેટ સંપૂર્ણપણે ચૂંટણીલક્ષી બજેટ હોવાની છાપ જ દૃઢીભૂત થાય છે. માત્ર ચાર મહિનાનું બજેટ રજૂ કરવાની સત્તા ધરાવતી મોદી સરકારે ૨૦૨૨ સુધીનાં ગુલાબી ચિત્ર રજૂ કરવાની તક ઝડપી લીધી છે તે સૂચક છે.

## અપનો રાસ્તે સે કાંટો કો હટાના ઔર દુશ્મનો કો મિટા દેના, હમારે ખાનદાન કી પરમ્પરા હૈ...

*અપનો રાસ્તે સે કાંટો કો હટાના ઔર દુશ્મનો કો મિટા દેના, હમારે ખાનદાન કી પરમ્પરા હૈ...*

*- કરણ અર્જુન*



ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

૧૯૯૫માં રાકેશ રોશન દિગ્દર્શિત અને શાહરૂખ-સલામાન અભિનિત 'કરણ-અર્જુન' ફિલ્મ વિશે કોણ નહીં જાણતું હોય !!! અનવર ખાન દ્વારા લખાયેલા આ ફિલ્મનાં સંવાદો લોકજીભે ચઢી ગયા હતા. 'મેરે કરણ-અર્જુન આયેંગે... ' રાખીનો આ સંવાદ તો રૂઢિપ્રયોગ બની ગયો છે.

પરંતુ અત્યારે જે સંવાદની વાત કરવી છે તે અમરીશ પુરીના મુખે બોલાવવામાં આવ્યો છે. આમ તો આ સંવાદ ફિલ્મમાં ખલનાયકનો છે. પરંતુ વાત એકદમ સાચી કરી છે.

દુશ્મનને હંમેશા દૂરથી જ મીટાવી દેવા સારા. અને જો તેનો દૂરથી જ અપરિગ્રહ ન કરી શકાતો હોય, તો તો તેમને કચડી નાખવો જ એક માત્ર ઉપાય છે.

'કવિતામૃતકૂપ' નામક એક સંસ્કૃત પુસ્તકમાં આ જ અર્થસામ્ય વાળો શ્લોક મળી આવે છે.

**ખલાનાં કણ્ટકાનાં ચ દ્વિવિધૈવ પ્રતિક્રિયા ।**
**ઉપાન્મુખભંગો વા દૂરતો વા વિવર્જનમ્ ॥**

દુર્જન અને કાંટો આ બંનેનાં બે જ ઈલાજ હોય છે, એક તો ચપ્પલથી તેમના (કાંટાનાં) મોઢા તોડી નાખવા અથવા તો દૂરથી જ તેનો પરિહાર (ત્યાગ) કરી દેવો.

'કવિતામૃતકૂપ' પુસ્તક વિશે વિશેષ માહિતી મળતી નથી, પરંતુ અગાઉ કહ્યું તેમ આ શ્લોક ઉપરના સંવાદથી ઓછામાં ઓછો ૧૦૦૦ વર્ષ તો જૂનો હશે જ.

અને આપણું સાહિત્ય તેના જમાના કરતા કેટલું અગ્રેસર હતું, અથવા તો કહો કે સંસ્કૃત સાહિત્ય કેટલું કાલજયી છે કે, તેમાં કહેલી હજારો વર્ષ પહેલાની વાતોને જ અત્યારના સર્જકોએ એક યા બીજી રીતે પુનરાવર્તિત કરતા રહેવી પડે છે.

- jayuoza@gmail.com, Mo. 9898046488

## દેશભક્તિના ગીતો-કાવ્યોના પઠનનો કાર્યક્રમ યોજાયો



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

સાહિત્ય, સિક્ષણ અને સમાજસેવાના ત્રિવેદી સંગમ જેવા સમન્વયથી; વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરતી સંસ્થા 'ત્રિદલ' ના ઉપક્રમે પ્રજાસત્તાક દિનને અનુલક્ષીને તા. ૨૭મી જાન્યુઆરી ખાતે 'દેશભક્તિના ગીતો અને કાવ્યોના પઠનનો એક કાર્યક્રમ' ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ 'વનવિહારી'ના અધ્યક્ષસ્થાને અને 'ત્રિદલ' સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીની ઉપસ્થિતિમાં ભલીપેર યોજાઈ ગયો. જેમાં નટવર હેડાઉ, ભાનુપ્રસાદ પુરાણી, ગુલાબચંદ પટેલ, મંજુલાબેન ભલગામી, રેખાબેન એચ. રાવલ, હરીશ બી. રાવલ, રોહિત બી. જોષી, એસ.એન. દુલેરા, એમ.ડી. વાઘેલા, રણછોડ પરમાર, કુ. રોહિણી પરમાર, બાબુભાઈ નાયક તથા સુમતભાઈ શાહે દેશભક્તિના ગીતો, કાવ્યો રજૂ કરી, સર્વેને ભાવવિભોર કરી દીધા હતા.

● નવોદિત સર્જકોને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડતી, સુરેન્દ્રનગર ખાતેની 'કવિ ન્હાનાલાલ સાહિત્યસભા દ્વારા, દર વર્ષે ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત કવિને કવિશ્વર દલપતરામ એવોર્ડ પણ અર્પણ કરવામાં આવે છે. ઈ.સ. ૨૦૧૯નું વર્ષ કવિશ્વર દલપતરામનું દ્વિશતાબ્દીનું વર્ષ હોઈ, આ સંસ્થા તરફથી સને ૨૦૧૯ના વર્ષનો દસમો કવિશ્વર એવોર્ડ કવિ જવાહર બક્ષીને અને સને ૨૦૨૦ ની સાલનો અગિયારમો એવોર્ડ કવિ અને ગઝલકાર એસ.એસ. રાહીને આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. એવોર્ડના નિર્ણાયક તરીકે કવિ રમેશ આચાર્યે સેવાઓ બજાવી હતી. બંને કવિશ્વરને ખૂબ ખૂબ અભિનંદન.'

- muljibhaidadhi@gmail.com

# કવિ કાગની વાણીમાં સામાજિક સમરસતા



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સંતવાણી એ આપણી ઉજળી ધરોહર છે. ભજનોના અસરકારક તથા આકર્ષક માધ્યમથી સંતોની વાણી જન જન સુધી પહોંચી છે. જન સામાન્યને તેનું એક અનોખું આકર્ષણ રહેતું હોય છે. ખરેખર તો શાસ્ત્રોની વાણી આ સંતવાણી મારફત લોક સુધી વિસ્તરી છે. આ રીતે શ્લોક તથા લોકનું અનુસંધાન એ ભજનવાણી થકી થાય છે. સમગ્ર જીવન લોકસાહિત્યના સંશોધન પાછળ ખર્ચીને ઝવેરચંદ મેઘાણી અંતે તો સંતોની વાણી તરફ ઢળ્યા હતા. સંત સાહિત્ય ઉપર તેમનું પુસ્તક આજે પણ તાજગી આપે તેવું રમણિય છે. કુદરતે તેમને થોડું વધારે આયુષ્ય આપ્યું હોત તો ભજનના બીજા પુસ્તકો પણ સમાજને મળી શક્યા હોત. ભજનવાણીની આ અજાયબ દુનિયામાં બીજું એક નામ કવિ દુલા ભાયા કાગનું છે. મેઘાણીના મિત્ર કવિ કાગે ભજનોની ગંગાનો મનોહર રસ સમાજને ચરણે ધર્યો છે. કવિ કાગની ઓળખ દુલેરાય કારાણી (કચ્છ)ના શબ્દોમાં માણવી ગમે તેવી છે. કારાણીએ લખ્યું છે :

કાગના દેશમાં આજ આ વેશમાં
માન સરવર તણો હંસ આવ્યો
મધુર ટહૂકારથી રાગ રણકારથી
ભલો તે સર્વને મન ભાવ્યો
લોકના થોકમાં લોક સાહિત્યની
મુક્ત મનથી કરી મુક્ત લહાણી
શારદા માતનો મધુરો મોરલો
કાગ ટહૂકી ગયો કાગવાણી.

ફેબ્રુઆરી માસમાં કવિ દુલા ભાયા કાગની વિશેષ સ્મૃતિ થાય છે. ફેબ્રુઆરી-૧૯૭૭ માં કવિ દુલા ભાયા કાગે મોટું ગામતરું કર્યું. મોરારીબાપુ કવિ કાગ (ભગતબાપુ)ને ઉંબરથી અંબર સુધીના કવિ તરીકે યથાર્થ રીતે ઓળખાવે છે. તળ ધરા સાથે જોડાયેલા કવિ કાગે સાહિત્ય સર્જનની દુનિયામાં આકાશને આંબે તેવું ઉડ્ડયન કર્યું હતું.

જગત આજે વૈજ્ઞાનિક શોધો તથા આધુનિક સાધનોથી સુસજ્જ થયું છે તેમાં કોઈ શંકા નથી. આમ છતાં એક માનવીના બીજા માનવ સાથેના સ્નેહાળ સબંધોની કડી નબળી પડી હોય તેવી પણ પ્રતિતિ થયા કરે છે. બીજા વિશ્વયુધ્ધની ભિષણ વિભિષિકા પછી પણ અનેક નાના મોટા સંઘર્ષોને કારણે જગતની શાંતી ડહોળાયા કરે છે. આપણાં ઘર આંગણે પણ સાંપ્રત કાળમાં અનેક નાના મોટા પ્રસંગોએ સામાજિક તણાવ ઊભા થતા જોવા મળે છે. નગણ્ય બાબતો કે ટૂંકી દ્રષ્ટિ આવા સંઘર્ષોની પાછળ સંચાલક બળ જેવું કામ કરે છે. જગતના માનવીઓ વચ્ચે સમજપૂર્વકના સ્નેહનો સેતુ બંધાય અને અકબંધ રહે તેવી સુંદર તથા સાંપ્રત સંદર્ભમાં ઉપયોગી થઈ પડે તેવી વાત કવિ કાગની એક સુંદર તથા જાણીતી રચનામાં થઈ છે. કવિ સમાજના તમામ વર્ગોને તળાવના પાણીનું રૂપક આપીને એકસંપ થઈને જીવવાનું સૂચવે છે. ભગતબાપુ લખે છે :

પ્રેમી તળાવ તણાં હે પાણી !
સાથ મળી સંપી રહેજો...
આફળજો હસતાં હસતાં પણ,
પાળ તણું રક્ષણ કરજો...
બંધન તોડી સ્વચ્છંદી થશો તો,
ક્ષણ ઉછળી ક્ષણ દોડી જશો...
આશ્રિત જીવનો નાશ થશેને,
નાશ તમારો નોતરશો...
કાદવ ઉરમાં સંઘરશોતો,
ડોળાં થશો છીછરાં બનશો...
હંસ કિનારા છોડી જશે પછી,
તન ધોળા બકને મળશો...
કોઈ પીએ કોઈ મેલ ધુએ પણ,
તમે તમારે પંથ જજો...
સ્વારથ છિદ્ર ઉઠાવે અવળાં,
પાણતીઆને કહી દેજો...
નીર નવા ને સ્થાન તમારું,
સોંપી સાગરને મળજો...
સૂર્ય તણે ચૂલે સળગીને,
''કાગ'' ફરીથી આવી જજો.

સ્વસ્થ સમાજ સંપના પાયા ઉપરજ રચી શકાય છે. કવિની આ પ્રતિતિ અનેક પ્રકારના સુયોગ્ય રૂપકથી સરળ ભાષામાં વ્યક્ત થઈ છે. આથી કવિ શ્રી કાગની આ એક લોકપ્રિય રચના છે. સમાજ છે ત્યાં મતભેદ પણ હોઈ શકે પરંતુ મતભેદને કારણે સાંધી ન શકાય તેવું અંતર ઊભું કરી દેવા સામે કવિ લાલબત્તી ધરે છે. વાસણ હોય તો ખખડે એવી એક ઉક્તિ આપણે ત્યાં છે. અહીં પણ કવિ કહે છે કે જેમ વાસણ સહેજે ખખડે તેમ આફળવાના પ્રસંગો પણ ઊભા થઈ શકે છે. પરંતુ આવા પ્રસંગોએ પણ જીવનમાં કડવાશના અંકૂર ન ફૂટવા જોઈએ. સમાજ જીવનના કેટલાક બંધનો અનિવાર્ય તથા વ્યાપક રીતે સામાજિક હિતની ખેવના કરનારા છે. આવા બંધન કદી અપ્રસ્તુત થતા નથી. સમાજ સ્વચ્છંદી બને તો ક્ષણભરના ઉન્માદ પછી તેની આકરી કિંમત ચૂકવવી પડે છે. ભારતના પવિત્ર બંધારણે આપેલા અનેક અમૂલ્ય હક્કની સામે નાગરિકો પાસેથી જવાબદારી તથા જાગૃતિ સાથેની ફરજોનું પાલન કરવા પર સરખોજ ભાર મૂકવામાં આવેલો છે. મનની નિર્મળતા જાળવી રાખવા પર કવિ ભાર મૂકે છે. એ હકિકત સુવિદિત છે કે તળાવ કે બંધમાં જેટલા કાદવનો ભરાવો થાય તેટલા અંશે પાણી ડોળાં અને છીછરાં થતાં જાય છે. સમય પ્રમાણે નવા વિચાર – નવા નીરને સ્થાન આપીને સતત વહેતા રહેવાની વાત પણ ખૂબ માર્મિક છે. શાસ્ત્રોએ '' કૃતેચ પ્રતિ કર્તવ્યં, એષઃ ધર્મ સનાતન '' ની વાત કરીને કૃતજ્ઞતાની ભાવના મજબૂત કરવા સમજ આપી છે. ડહોળાયેલા આજના વૈશ્વિક સંદર્ભમાં કવિ શ્રી કાગની આ રચના વધારે પ્રસ્તુત બની છે. શત્રુ કે અહિત કરનાર પર પણ કટુતા નહિ દાખવીને જીવવાનું ઉમદા ઉદાહરણ મહાત્મા ગાંધી આપીને ગયા છે. સર પ્રભાશંકર પટ્ટણીએ પણ આ બાબતમાં દિલની ઉમદા લાગણી સુંદર શબ્દોમાં વ્યક્ત કરી છે. સુંદર મંદાક્રાંતા છંદમાં આ શબ્દો મઢાયેલા છે.

મારી આખી અવનિ પરની
જિંદગાની વિશે મેં
રાખી હોય મુજ રિપુ પરે
દ્રષ્ટિ જે રીતની મેં
તેવી યે જો મુજ પર
તું રાખશે શ્રી મુરારી !
તોયે તારો અનૃણિ થઈને
પાડ માનીશ ભારી.

સંતકવિઓની ભજનવાણી એ સદૈવ ઉપલબ્ધ ઉપલબ્ધએવી અકસીર સંજીવની છે. આ વાણીની સરળતા તેમજ તેમજ તેની અર્થસભરતાને કારણે કાળના દરેક વળાંકે તેણે સમાજને દિશાદર્શન કરાવેલું છે. ભગતબાપુની આ અર્થપૂર્ણ રચના વિસ્મૃત થાય તેવી નથી.

# 'સિસિલીના ગાંધી દાનીલો દોલ્ચી કેમ વીસરે'



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીએ પશ્ચિમના લોકોને યાદ દેવડાવી છે કે જો પૃથ્વી પર ઈસુ ખ્રિસ્તને લાવવા હોય અને આસ્થાને સ્થાપવી હોય તો જ્યાં સુધી દુનિયામાં ભૂખ અને અહિંસા નિર્મૂળ નથી થાય ત્યાં સુધી એ અશક્ય છે. સિસિલીના દાનીલો દોલ્ચીના કાર્યો અને તેમના પ્રયાસોને આપણે જોઈએ તો કહી શકાય કે ગાંધીની આ ચેતવણી એળે ગઈ નહતી. ગાંધીને જોયા પણ ન હોય કે ગાંધી વિશે બહુ જાણતા પણ ન હોય એવા દુનિયાના અનેક દેશોમાં ગાંધી વિચાર ઉપર કામ કરતા હોય એવા વ્યક્તિત્વને દેશ અને દુનિયા તેમના દેશના ગાંધી તરીકે ઓળખે છે. ગાંધીના પંથે ચાલનારને એમના દેશનું નામ દઈને તે દેશના ગાંધી એવું નામ આપવાની ટેવ છે. ખરું પૂછો તો આપણે એમને ગાંધીજન કહેવા જોઈએ એમ કહેતાં નારાયણભાઈ કહે છેઃ 'ગાંધી તો માત્ર ગાંધી જ. બીજા કોઈને ગાંધી કહેવાનું મને ન ગમે નામ આપીને એમને અને ગાંધીને બિરદાવવાની લોકોને ટેવ છે એમ આપણે સમજવાનું.

નારાયણભાઈ તેમના પુસ્તકમાં સિસિલીના દાનીલો દોલ્ચીની વાત કરે છે. તેનો પરિચય આપતા તેઓ લખે છેઃ '' ૫૯માં વર્ષે (વર્ષઃ૧૯૮૬ મુજબ) આ ગાંધીનું વજન આશરે સો કિલો હશે. ચાલતા થોડી મુશ્કેલી પડે. રહેણી કરણી પશ્ચિમી ઢબની. એમનો શોખનો વિષય કવિતા લખવાનો અને એમનું મુખ્ય કામ થઈ ગયું છે થી બીજે દેશ જવું. આવા ગાંધી ની કલ્પના કરી શકો?પણ જેમની વચ્ચે તેઓ કામ કરતા હતા તે ગરીબો જ નહીં પરંતુ વિશ્વભરના જાણીતા પત્રકારોએ એમને ગાંધી જોડે સરખાવ્યા છે. તેમની આ સરખામણી માટે આપણે તેમનું કામ પણ સમજવું પડે દાનીલો દોલ્ચી એટલે માત્ર યુધ્ધનો વિરોધ કરવાથી સમાધાન ન માનનારા પણ રચનાત્મક કાર્ય કરનારા પશ્ચિમી શાંતિવાદીઓમાં આગળ પડતા ગણાય. ગરીબ પ્રજાનું લોહી ચૂસનાર માફિયા અને એમની સાથે સ્થાનિક સરકાર ગરીબોના શોષણમાં ભાગીદાર બનતી હતી તેની સામે તેમણે ઝિંક ઝીલી હતી. દાનિલો દોલ્ચી પોતે ઉચ્ચ મધ્યમ વર્ગના સંતાન હતા.

**પશ્ચિમી જગતને ગાંધી રાહ બતાવનારા દાનિલો દોલ્ચી સદૈવ યાદ રહેશે**

આર્કિટેક્ટ તરીકે તે ઠીકઠીક પ્રમાણમાં કહી શકાય એવી કમાણી કરતા હતા. ઈટલીનો ઉત્તરભાગ ધનિક અને દક્ષિણ ભાગ ગરીબ છે. એમાં પણ સિસિલીનો બેટ તો એ વધુ ગરીબ. આ ગરીબ પ્રદેશને જોઈને તેમનું દિલ દ્રવી ઉઠ્યું અને ધિકતી પ્રેક્ટિસ છોડીને આ જ ક્ષેત્રમાં આવીને વસવાનો સંકલ્પ કર્યો. પોતાના કામની શરૂઆત તેમણે બિલકુલ ગાંધી ઢબે કરી. સિસિલી ના ટાપુ પર આવીને ત્યાંના લોકોની વચ્ચે એમની માફક જીવવા લાગ્યા. આ રીતે સ્વૈચ્છિક ગરીબીથી આ ક્ષેત્રમાં દાનીલો સૌથી પહેલા હતા. તેઓ ગરીબ લોકોને પૂછતાઃ 'આવું જીવન તમને ગમે છે? જીવન બદલી શકે ખરા? બદલવું જ હોય તો કઈ રીતે બદલાય? શરૂઆત ક્યાંથી થાય? - આ સવાલો એ ધીમે ધીમે સળવળાટ ઊભો કર્યો. ગરીબીમાં પિસાતા લોકોમાં પોતાની ગરીબી માટે જાતને જવાબદાર માનતા લોકો સમજતા થયા કે અમીર અને ગરીબ માણસ બનાવે છે. જો માણસ ધારે તો એ સ્થિતિને બદલી શકાય.દાનીલોએ એક કેન્દ્ર બનાવ્યું જેમાં કોઈને પણ આવીને રાતવાસો કરવા ને પેટ ભરીને જમવાની છૂટ હતી. લોકોએ એ કેન્દ્રને દેવોનું ધામ એવું નામ આપ્યું હતું.

એક દિવસ એક ગરીબ નાના બાળકને ગરીબીને કારણે દવા ન મળી શકવાથી મૃત્યુ પામ્યો.આ ઘટનાથી દાનિલોએ બાળક મરી જાય એ તો કેમ સહેવાય? એમ કરીને તેમણે ઉપવાસ જાહેર કર્યા. પશ્ચિમના દેશોમાં ઉપવાસની સાવ નવી વાત આખા બેટમાં ફેલાઈ ગઈ. દક્ષિણ ઈટાલીમાં અવારનવાર આવતી આર્થિક કટોકટીને લક્ષમાં રાખીને ઈટાલીની સરકારે ભંડોળ ભેગું કરી રાખ્યું હતું પરંતુ આ ભંડોળનો કશો સદુપયોગ થતો નહોતો. દાનિલો અને લોકોએ માગણી કરી કે આ નાણાંનો ઉપયોગ પર્વતથી વહી આવતા ઝરણા પર બંધ બાંધી ને પાણીનો સંગ્રહ કરવામાં આવે. પાણી ખેતીમાં ઉપ્યોગી બને અને બેકારોને કામ મળી રહે. આવી માગણી તો સરકાર કઈ રીતે ધ્યાનમાં લે? લોકોની માગણીને ટેકો આપવા માટે દાનિલોએ ઉપવાસ જાહેર કર્યા. બીજીવાર ના ઉપવાસ વખતે ઈટાલીના ગરીબોએ તેમને સિસિલીના ગાંધી કહ્યા.

૫૬મી ગાંધી પુણ્યતિથિ ને દિવસે એક હજાર લોકોએ દરિયાકાંઠે એક દિવસના ઉપવાસ કર્યા. શાંતિના ભંગ બદલ દાનિલો અને એમના છ સાથીઓને ગિરફ્તાર કરવામાં આવ્યા. દાનિલોએ એક જાહેર પત્ર લખીને સત્તાધીશોને અને પ્રકારોને જાણ કરી કે 'લૂંટફાટ કરનારા લોકો' સભ્ય નાગરિક થવા માગે છે. તેમને કામની જરૂર છે, કોઈ પૂરું પાડશે?- આ પ્રશ્નએ નવી જ રીતે ગરીબી વિશે વિચારવા માટે દુનિયાને પ્રેરી હતી. વિખ્યાત વૈજ્ઞાનિક અને દાર્શનિક રસેલે પણ પહેલીવાર અહિંસાનું શસ્ત્ર વાપરવા બદલ મુબારકબાદી આપી હતી. છ વર્ષ સુધી તેમણે અને તેમના સાથીઓએ બંધ બાંધવા માટે સંઘર્ષ કર્યો. આ સંઘર્ષ દરમિયાન વચ્ચે એકવાર લોકોએ વગર જાહેર શ્રમ કરવાનો કાર્યક્રમ પણ આપ્યો. માગણી માટેની લોકશાહી ઢબની આ લડતમા એમણે વળતી હડતાળ-'રિવર્સ સ્ટ્રાઈક' એવું નામ આપેલું. તેમના આંદોલન થકી સિસિલીમાં અગિયાર સ્થળોએ સરકારના ભંડોળમાંથી નાના મોટા બંધો બંધાયા ખેતીનો વિકાસ થયો અને અનેક લોકો ગુનાખોરીનો વ્યવસાય છોડીને ખેતીના વ્યવસાયમાં જોડાયા. દાનીલો દોલચીને વર્ષોની મહેનતમાં એક વાત સમજાઈ હતી કે પાયાનું કામ કરવું હોય તો નાના બાળકોથી શરૂઆત કરવી જોઈએ. તેથી તેમણે 'મિર્તો' નામની એક શાળા શરૂ કરી. આ શાળાની વિશેષતા કે જે વિદ્યાર્થીને જેવી અને જેટલી આવડત હોય તે અનુસાર તે જુદા જુદા વિષયોમાં જાય રસ હોય એ કામ કરે. અને આ જ વિશેષતા એ ગાંધીવિચારની શિક્ષણની નઈ તાલીમ સાથે જોડાયેલું સંધાન. દાનીલોને તેના ગાંધીવિચાર સાથે જોડાયેલા આવા કામો ને કારણે ગાંધી તરીકેની ઉપમા મળી છે.

**(વિશેષ વાંચનઃ 'મને કેમ વીસરે રે'- લેખક નારાયણભાઈ દેસાઈ)**